મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૮-૧૧-૨૦૨૫ શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૨૨૪

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે

Garvitakat.com

લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### મહેસાણા દૂધસાગર ડેરીમાં ઇતિહાસ રચાયો : પ્રથમવાર આખું નિયામક મંડળ બિનહરીફ સમરસ

## ૬૩માંથી ૪૪ ઉમેદવારોની ઉમેદવારી પરત; ૧૫ બેઠકો પર ૧૫ ઉમેદવારો નિર્વિવાદ વિજેતા જાહેર : દૂધસાગર ડેરીના રાજકારણમાં મોટો ફેરફાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા જિલ્લાની દૂધસાગર ડેરીની ચૂંટણી પ્રક્રિયામાં આજે ઈતિહાસ રચાતા ડેરીનું આખું નિયામક મંડળ બિનહરીફ સમરસ જાહેર થયું છે. ડેરીના ૧૫ ડિરેક્ટરની ચૂંટણી માટે કુલ ૬૩ ફોર્મ ભરાયા હતા, જેમાંથી ૪ ફોર્મ રદ થયા બાદ ૫૯ ફોર્મ માન્ય રહ્યા હતા. આજે ઉમેદવારી પત્રકો પરત ખેંચવાના અંતિમ દિવસે ૪૪ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી, જેથી ૧૫ બેઠકો માટે મેદાનમાં માત્ર ૧૫ ઉમેદવારો જ રહ્યા અને તમામને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા.

જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશ રાજગોરે જણાવ્યું કે દૂધસાગર ડેરીની ચૂંટણી પ્રક્રિયામાં સમરસતા લાવવા તમામ ઉમેદવારોએ ભારતીય જનતા પાર્ટીની પેનલ પર વિશ્વાસ મૂક્યો છે. તેમણે જણાવ્યું કે, "૬૩માંથી ૧૫ ઉમેદવારો આજે બિનહરીફ ડિરેક્ટર તરીકે ચૂંટાયા છે. બાકીના ઉમેદવારોએ પશુપાલકોના હિત અને ડેરીના વિકાસને પ્રાથમિકતા આપીને ફોર્મ પાછા ખેંચ્યા છે."

ડેરીના ચેરમેન અશોક ચૌધરીએ પણ સમરસ પેનલ બનવા બદલ તમામ ઉમેદવારો અને



**ચૂંટણીની મુખ્ય વિગતો**

કુલ બેઠકો : ૧૫ ભરાયેલા ફોર્મ : ૬૩ ● રદ ફોર્મ : ૪ ● માન્ય ફોર્મ: ૫૯ ● પરત ખેંચાયેલા ફોર્મ : ૪૪ ● બિનહરીફ વિજેતાઃ ૧૫ (સંપૂર્ણ ભાજપ સમર્થિત પેનલ) ● ખાસ : ડેરીના ઇતિહાસમાં પહેલીવાર ૧૦૦% બિનહરીફ ચૂંટણી ● આભાર : પશુપાલકો, આગેવાનો અને ઉમેદવારી પરત ખેંચનારને ચેરમેન તથા ભાજપનો આભાર

પશુપાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "બધા આગેવાનોએ અને પશુપાલકોએ ભાજપ પેનલ પર વિશ્વાસ મૂકતા આ વખતની ચૂંટણી સંપૂર્ણપણે સમરસ રહી છે. આગામી પાંચ વર્ષમાં દૂધસાગર ડેરીનો વિકાસ વધુ ઊંચાઈએ પહોંચે એ દિશામાં કામ કરવામાં આવશે."

અશોક ચૌધરીએ વધુમાં જણાવ્યું કે દૂધના ભાવમાં સ્થિરતા અને પશુપાલકોને વધુ લાભ મળે તે માટે નવીન પહેલો કરવામાં આવશે. "બધી જ જ્ઞાતિઓને આવરી લેતું ગુલદસ્તા સમાન નિયામક મંડળ બન્યું છે," એમ તેમણે ઉમેર્યું.

આ ઈતિહાસિક સમરસ ચૂંટણી સાથે દૂધસાગર ડેરીના ભાવિ વિકાસ વિશે ઉત્સાહ અને આશા વ્યક્ત થઈ રહી છે.

### લગ્નના યોગની લાલચ આપી ૪ વર્ષ સુધી દુષ્કર્મ, ભુવાની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા ફગાવાઈ

## કડીની ૨૮ વર્ષીય યુવતી પર ધાર્મિક વિધિનો બહાનો બનાવી અત્યાચાર કરનાર કૌટુંબિક કાકાની જામીન અરજી મહેસાણા સેશન્સ કોર્ટે નકારી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

કડીની ૨૮ વર્ષીય યુવતીને લગ્નના યોગની વિધિ કરાવવાના બહાને દુષ્કર્મ આચરનાર અને હાલમાં જેલમાં બંધ રહેલા ભુવા પટેલ સતીશ વિષ્ણુભાઈની જામીન અરજી મહેસાણા સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

યુવતીના જણાવ્યા અનુસાર, કૌટુંબિક કાકા એવા આરોપીએ ધાર્મિક વિધિના નામે છેલ્લા ચાર વર્ષ દરમિયાન અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું.

ઘટનાની ફરિયાદ યુવતીએ નોંધ કરતા પોલીસ દ્વારા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. આ પછી



આરોપી તરફથી આફ્ટર ચાર્જશીટ જામીન અરજી મુકવામાં આવી હતી.

સરકારી વકીલ પરેશકુમાર દવે દ્વારા રજૂ કરાયેલા મજબૂત વાદ-વિવાદોને ધ્યાનમાં રાખીને મહેસાણા સેશન્સ કોર્ટના એમ.એફ. ખત્રી સાહેબે જામીન અરજી ફગાવી દીધી હતી.

કોર્ટના આ નિર્ણય બાદ પીડિતાને ન્યાયની દિશામાં મહત્વપૂર્ણ પગલું મળ્યું હોવાનું માનવામાં આવે છે.


### તસ્કરો ઓરડીમાંથી જરૂરી સામાન તેમજ મંદિરમાંથી સોના-ચાંદીના આભૂષણો ચોરી રફુચક્કર

## મહેસાણા તાલુકાના વિરતા ડેલીગેટના ખેતરની ઓરડી તથા ત્રણ મંદીરમાંથી રૂા.૨.૬૫ લાખના મત્તાની ચોરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા તાલુકાના વીરતા ગામે ચોરીની ઘટના સામે આવી છે. ભાજપના જિલ્લા પંચાયત પચોટ સીટના ડેલીગેટ મુકેશ પટેલના ખેતરમાં આવેલી ઓરડી તેમજ ત્રણ મંદિરમાં ચોરીની ઘટના સામે આવતા કુલ ૨.૬૫ લાખના મત્તાની ચોરી અંગે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. તેમજ આ ચોરી બાબતે યોગ્ય તપાસ માટે ફરિયાદી દ્વારા જિલ્લા પોલીસ વડાને રજૂઆત પણ કરવામાં આવી છે.

શિયાળાની શરૂઆત થતા જ મહેસાણા જિલ્લા તસ્કરો સક્રિય બન્યા છે. મહેસાણા તાલુકામાં આવેલા વીરતા ગામ નજીક આવેલ પીપળીયા નામથી ઓળખાતા ખેતરની ઓરડીમાં તસ્કરો ત્રાટક્યા હતા. અજાણ્યા



તસ્કરોએ ખેતરમાં આવેલા મંદિરોને પણ નિશાન બનાવ્યા હતા. જ્યાં તસ્કરો ઓરડીમાંથી જરૂરી સમાન તેમજ મંદિરમાંથી સોના-ચાંદીના આભૂષણો ચોરી રફુચક્કર થઈ ગયા હતા.

ફરિયાદી મુકેશ પટેલ ૨૫ નવેમ્બરના રોજ ખેતરમાં આવેલા મંદિરમાં પૂજા પાઠ કરવા ગયા એ દરમિયાન તેઓને આ ચોરી અંગેની જાણ થઈ હતી.

ત્યારબાદ ખેતરમાં આવેલી ઓરડીમાં તપાસ કરવામાં આવતા ઓરડીમાં રહેલી તિજોરીમાં બધો સામાન અસ્તવ્યસ્ત જોવા મળ્યો હતો. કેટલોક સમાન તસ્કરો ચોરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ ચોરી અંગે જિલ્લા પંચાયત પચોટ સીટના સદસ્ય મુકેશ પટેલે યોગ્ય તપાસ થાય અને મુદ્દામાલ પરત આવે એ માટે જિલ્લા પોલીસ વડાને મળી રજૂઆત પણ કરી હતી.

મોનિકભાઈ પટેલ ની કે.વી.એસ સિમેન્ટ પ્રોડક્ટ વીરતામાંથી લોડીંગ હાઈડ્રોલિક હાથલારીના ૩ ટાયરો કિંમત ૧૮ હજાર રૂપિયા કાઢી ચોરો રફુચક્કર થઈ ગયા હતા. આમ તસ્કરોએ કુલ ૨ લાખ ૬૫ હજાર ૧૦૦ના મત્તાની ચોરી કરી હતી.

### કડી તાલુકાના મેડા આદરજ ગામે ગમખ્વાર અકસ્માત સર્જાયો

## રસ્તો ક્રોસ કરી રહેલા યુવકને રોંગ સાઈડમાં આવી રહેલા ટ્રકે ટક્કર મારતા સારવાર દરમિયાન મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

કડી તાલુકાના મેડા આદરજ ગામે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. રોડ ક્રોસ કરી રહેલા એક યુવકને રોંગ સાઈડમાં આવી રહેલા ટ્રકે ટક્કર મારતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. સાત દિવસની સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મેડા આદરજ ગામના મુકેશજી ઠાકોરનો નાનો પુત્ર રૂગવિત, જેઓ છૂટક કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તે ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ×ગામમાં જઈને આવું છું× કહીને ઘરેથી નીકળ્યો હતો. થોડા સમય બાદ, મેડા આદરજ રોડ પર આવેલા ડી.કે. હાર્ડવેરના માલિક ધવલ પ્રજાપતિએ મુકેશજી ઠાકોરને ફોન કરીને જાણ કરી કે તેમના દીકરાનો રોડ પર અકસ્માત થયો છે.

આ જાણ થતા જ મુકેશજી અને પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે



દોડી ગયા હતા. ત્યાં તેમણે પોતાના દીકરા રૂગવિતને રોડ પર બેભાન અવસ્થામાં પડેલો જોયો હતો. ધવલ પ્રજાપતિએ જણાવ્યું કે કડી તાલુકાના શેડફા ચોકડી બાજુથી સ્ઉ૦ ૧૬ ઠુ ૩૨૨૯ નંબરનો એક મહારાષ્ટ્ર પાર્સિંગનો ટ્રક રોંગ સાઈડમાં આવી રહ્યો હતો.


આ ટ્રક ચાલકે રોડ ક્રોસ કરી રહેલા રૂગવિતને ટક્કર મારી હતી અને અકસ્માત સર્જીને ટ્રક ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ધવલ પ્રજાપતિએ ટ્રકનો પીછો કર્યો હતો અને તેનો નંબર નોંધી લીધો હતો.

અકસ્માત બાદ રૂગવિતને સૌપ્રથમ કડીની ભાગ્યદય હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ત્યારબાદ તેને અમદાવાદના શીલજ ખાતે આવેલી હેલ્થ વન હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સાત દિવસની સારવાર દરમિયાન તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. બાવલુ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

### કેમ્પમાં મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે

## મહેસાણા જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) ૨૦૨૬ અંતર્ગત મેગા કલેક્શન કેમ્પનું આયોજન



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા જિલ્લામાં હાલમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ મત ગણતરી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ. કે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં તા. ૨૯ અને ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મેગા કલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ થી ૫:૦૦ કલાક સુધી તેમજ તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક સુધી તાલુકાની મામલતદાર કચેરીએ ગણતરી પત્રક (Enume®aion Form) જમા કરાવી શકાશે.

આ કેમ્પમાં મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાના મતદારો પોતાના વિધાનસભા મતવિસ્તારની મામલતદાર કચેરીએ ગણતરી ફોર્મ જમા કરાવી શકશે તથા ૨૦૦૨ની મતદાર યાદીમાં તેમના નામો શોધવા માટે મદદ પણ મળી રહેશે. જિલ્લા વહીવટી તંત્રએ તમામ પાત્રતા ધરાવતા મતદારોને આ વિશેષ તકનો લાભ લેવા માટે અનુરોધ કર્યો છે.

### તા.૨૬ નવેમ્બરથી શરૂ થઈને ૧૬ ડિસેમ્બર સુધી ચાલશે : તમામ તૈયારીઓ પૂર્ણ

## સુપ્રસિદ્ધ અન્નપૂર્ણા મંદિરમાં ૨૧ દિવસીય વ્રત મહોત્સવનો આરંભ : શ્રદ્ધાળુઓ ઉમટી પડશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા નજીક આવેલા સુપ્રસિદ્ધ અન્નપૂર્ણા મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ એકવીસ દિવસીય વ્રત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ વ્રત મહોત્સવ માગશર સુદ ૬, તારીખ ૨૬ નવેમ્બરથી શરૂ થઈને માગશર વદ ૧૨, તારીખ ૧૬ ડિસેમ્બરસુધી ચાલશે. આ એકવીસ દિવસ દરમિયાન ગુજરાતના ખૂણેખૂણેથી તેમજ અન્ય રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે ઉમટી પડશે તેવી અપેક્ષા છે.

દૂરથી આવતા યાત્રાળુઓ માટે શ્રી અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભોજન પ્રસાદ અને રહેવાની વ્યવસ્થા



કરવામાં આવી છે. આ ઉપરાંત, મહેસાણા એસ.ટી. ડેપો દ્વારા પણ વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓને પરિવહનમાં સરળતા રહે. ભેસાણા, અંબાસણ અને મોદીપુરની ત્રિભેટે આવેલું આ અતિ પ્રાચીન તીર્થસ્થાન જાહેર વનરાજી અને વૃક્ષોની હારમાળા વચ્ચે ઘેરાયેલું છે. આ મંદિર પરિસર શાંતિપૂર્ણ વાતાવરણ પૂરું પાડે છે, જે શ્રદ્ધાળુઓ અને વટેમાર્ગુઓને વિસામો લેવા માટે આકર્ષે છે.




# રાષ્ટ્રીય ચેતનાનો ઉદય, રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજની સ્થાપના

અયોધ્યામાં રામ મંદિરના શિખર પર ધર્મ ધ્વજની સ્થાપના માત્ર મંદિરના નિર્માણની પૂર્ણતા જ નહીં પરંતુ ભારતની સાંસ્કૃતિક ચેતનાની ઘોષણા પણ કરે છે. આ ઘટના પાંચ સદી જૂના સંઘર્ષનો અંત દર્શાવે છે. ભગવાન રામના જન્મસ્થળ પર ભવ્ય મંદિર બનાવવાની ઈચ્છાને પૂર્ણ થવામાં આટલો સમય લાગ્યો કારણ કે સ્વતંત્રતા પછી જે કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈતી હતી, તે સંકુચિત રાજકીય કારણોસર અવગણવામાં આવ્યું.

કોઈપણ સ્વાભિમાની રાષ્ટ્રની પહેલી જવાબદારી એ છે કે તે સ્વતંત્ર થતાંની સાથે જ તેના પરના તાબેદારીના ચિહ્નો ભૂંસી નાખવા. વિશ્વભરના ઘણા દેશોએ તેનું પાલન કર્યું છે. રશિયન સામ્રાજ્ય દ્વારા બાંધવામાં આવેલા ઓર્થોડોક્સ ચર્ચને તોડી પાડવાનો પોલેન્ડનો નિર્ણય આ સંદર્ભમાં એક ઉદાહરણ છે, પરંતુ ભારત, તેના છુપી ધર્મનિરપેક્ષતા અને તેના સાંસ્કૃતિક વારસામાં ગર્વના અભાવને કારણે, આવું ઉદાહરણ બેસાડવાનું ટાળ્યું છે.

જેમ સોમનાથ મંદિરનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું, તેમ કાશી અને મથુરાના મંદિરોને પણ મુક્ત કરાવવા જોઈતા હતા, જેનાથી અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો થયો. જો સદીઓ રાહ જોયા પછી આખરે અયોધ્યામાં રામ મંદિર બનાવવામાં આવ્યું હતું, તો તે ફક્ત એટલા માટે નથી કારણ કે ન્યાયતંત્રએ આખરે વિવાદનો ઉકેલ લાવવાનો નિર્ણય લીધો.

મોદી સરકારે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવી હોવાથી ન્યાયતંત્ર આ વિવાદનો ઉકેલ લાવવામાં સક્ષમ હતું. તેનાથી વિપરીત, મોટાભાગની અગાઉની સરકારોએ આવી પરિસ્થિતિઓ બનાવવાને બદલે, વિવાદનો ઉકેલ ન આવે તે માટે પ્રયાસો કર્યા. એ વાતને અવગણી શકાય નહીં કે સુપ્રીમ કોર્ટે પણ અયોધ્યા વિવાદ પર રાષ્ટ્રપતિ દ્વારા ઉલ્લેખિત પ્રશ્નની નોંધ લેવાનો ઈનકાર કર્યો હતો. આ સંકુચિત રાજકારણ તેમજ મેકોલેની શિક્ષણ પ્રણાલીમાંથી જન્મેલી માનસિકતાને કારણે હતું, જેમાંથી વડા પ્રધાન મોદીએ અયોધ્યામાં મુક્તિની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

તેમણે અગાઉ આ ગુલામ માનસિકતાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. મેકોલેની શિક્ષણ પ્રણાલીમાંથી જન્મેલી માનસિકતાએ ભારતીય સમાજને તેની સમૃદ્ધ સાંસ્કૃતિક ચેતનાથી દૂર જ નહીં પરંતુ તેના વારસા પ્રત્યે હીનતાની આત્મઘાતી લાગણી પણ પેદા કરી.

વડા પ્રધાન આગામી દસ વર્ષમાં આ માનસિકતામાંથી મુક્તિ મેળવવા માટે કટિબદ્ધ છે, પરંતુ આ સરળ કાર્ય નથી. આ માટે શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તનની જરૂર પડશે, જે હજુ પણ મેકોલે યુગના શિક્ષણના અવશેષો ધરાવે છે અને જે લોકોને તેમની સંસ્કૃતિ અને વારસા પર ગર્વ કરવામાં ખચકાટ અનુભવે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# તમારૂ નામ વિકાસ સહાય છે તો ગુજરાતની જનતાને સહાય કરો : ધારાસભ્ય જિગ્નેશ મેવાણી



અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં હવે પોલીસના પટ્ટા ઉતારવાની વાતને લઈને રાજકારણ ગરમાયું છે. આ મામલે હવે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને રાજ્યના પોલીસ વડા આમને સામને આવી ગયા છે.


ગઈકાલે ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે પોલીસ સામે બોલનારા સહન ન કરવા પોતાના ડિપાર્ટમેન્ટના લોકોને સૂચના આપી હતી. તેના પર આજે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જવાબ આપ્યો છે. મેવાણીએ ડીજીપીને ચોખ્ખેચોખ્ખું સંભળાવતા કહી દીધું કે, મોટા ભાગના અધિકારીઓ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે, તેમની સામે કાર્યવાહી કરો. તમારું નામ વિકાસ સહાય છે, તો ગુજરાતની જનતાની સહાય કરો અને દારૂ અને ડ્રગ્સ બંધ કરાવો.

ગતરોજ અમદાવાદમાં યોજાયેલા ડીજીપી ડેસ્ક એવોર્ડ કાર્યક્રમ દરમિયાન રાજ્યના ડીજીપી વિકાસ સહાયે પોલીસ વિભાગને લઈને મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમણે પોતાના સ્ટાફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ''પોલીસ ડિપાર્ટમેન્ટના બહાર કોઈ વ્યક્તિ પોલીસ કર્મીને કહી જાય, તે સહન કરવાની જરૂર નથી. વધુમાં તેમણે જણાવ્યું કે, જ્યાં સુધી પોલીસ કર્મીની ભૂલ કે ખામીની વાત છે ત્યાં તેઓએ ઈશારો કરતાં જણાવ્યું કે, પોલીસ કર્મી ભૂલ કરે તો તેના પર કાર્યવાહી કરવાનો અધિકાર વિભાગનો છે. બહાર કોઈને બોલવાની જરૂર નથી.

આ નિવેદન દરમિયાન તેમણે કોઈનું નામ લીધું નહોતું. પરંતુ ઈશારો ધારાસભ્ય જિગ્નેશ મેવાણી તરફ હોવાના સંકેત માનવામાં આવી રહ્યા છે. ડીજીપી વિકાસ સહાયની સ્પીચ સાંભળતા કાર્યક્રમમાં હાજર પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ પરિવારના સભ્યોએ તેમના નિવેદનને સમર્થન આપતાં તાળીઓ પાડી હતી.

જિગ્નેશ મેવાણીના સમર્થનમાં આજે મોટી સંખ્યામાં લોકો થરાદ ખાતે ઉમટી પડ્યા છે. જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલીનું આયોજન કરાયું છે. આ રેલીમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ ગુલાબ સિંહ રાજપૂત હાજર રહેશે. જિગ્નેશ મેવાણીના સમર્થનમાં રેલી થરાદ ચાર રસ્તાથી કલેક્ટર કચેરી જશે. કલેક્ટર કચેરીમાં પહોંચી જીલ્લા કલેક્ટરને ડ્રગ અને દારૂની બદી બંધ કરાવવા માટે આવેદનપત્ર અપાશે.

# રાજકોટમાં જમીન પચાવી પાડવામાં 3 મહિનામાં ૧૮૧ ફરિયાદ, પ્રોપર્ટી હડપવાના કિસ્સા વધ્યા



રાજકોટ,તા.૨૭

રાજકોટને રંગીલું પણ કહેવાય છે જે ક્રાઈમમાં પણ પવન વેગે વધે છે. તેની સાથે સ્પર્ધામાં જમીન પચાવી પાડવાના કિસ્સાઓ પણ વધ્યા છે. રાજકોટ જિલ્લા કલેક્ટર સામે છેલ્લા ત્રણ માસના જમીન પચાવી પાડવાના ૧૮૧ ફરિયાદો થઈ હોવાનું સામે આવ્યું છે.

જેમાંથી ૧૧૮ કેસો તપાસ કર્યા વગર પડતાં મુકવામાં આવ્યા છે.

તેમજ જમીન અને મિલકત સંબંધિત ગુનાઓ પણ વધી રહ્યા છે. જોકે, સરકારી તંત્રની બેદરકારીને કારણે જમીન અને મિલકત પચાવી પાડવાનો ગ્રાફ ખૂબ ઝડપથી વધી રહ્યો છે. છેલ્લા ૯૦ દિવસમાં, જમીન કે પ્રોપર્ટી પચાવી પાડવા અંગે જિલ્લા કલેક્ટર સમક્ષ ૧૮૧ ફરિયાદો નોંધાઈ છે. આમ, રાજકોટમાં દરરોજ સરેરાશ બે ફરિયાદો નોંધાય છે. તેની સરખામણીમાં, નિરાકરણની પ્રક્રિયા અત્યંત ધીમી છે.

આ મહિને, જમીન પચાવી પાડવાની સમિતિએ લાંબા સમયગાળા પછી થયેલ બેઠકમાં ફક્ત બે કેસમાં પોલીસ ફરિયાદો દાખલ કરવાનો નિર્ણય લીધો.

ઓગસ્ટની બેઠકમાં કુલ ૬૩ કેસ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી બે રાજકોટ શહેરના અને એક ગ્રામ્ય વિસ્તારના હતા. ત્રણ કેસમાં પોલીસ ફરિયાદો દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ, સપ્ટેમ્બરની બેઠકમાં ૬૦ કેસ રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાંથી કોઈમાં ફરિયાદ નોંધાઈ ન હતી.

નવેમ્બરમાં યોજાયેલી બેઠકમાં સમિતિ સમક્ષ કુલ ૫૮ ફરિયાદો રજૂ કરવામાં આવી હતી, જેમાંથી રાજકોટ શહેરમાંથી ૨ કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧૯ કેસનો ઉકેલ લાવવામાં આવ્યો છે અને ૩૬ ફરિયાદો દૂર કરવામાં આવી છે, જ્યારે ૧ કેસ પેન્ડિંગ રાખવામાં આવ્યો છે.

છેલ્લા ૩ મહિનામાં, કુલ ૧૮૧ કેસમાંથી, ૧૧૮ કેસ સરકારી તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે, અને તપાસમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સમિતિ પાસે ઘણી ફરિયાદો છે, પરંતુ કોઈ કાર્યવાહી ન થતી હોવાની ચર્ચા વેગ પકડી રહી છે.

**છેલ્લા 3 મહિનામાં, કુલ ૧૮૧ કેસમાંથી, ૧૧૮ કેસ સરકારી તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે, અને તપાસમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો લાભ થશે

**વૃષભઃ**
આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

**મિથુનઃ** આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે

**કર્કઃ** કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

**સિંહઃ** ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

**કન્યાઃ** ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

**તુલાઃ** આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

**વૃશ્ચિકઃ** આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

**ધનઃ** વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

**મકરઃ** કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

**કુંભઃ** આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઇ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

**મીનઃ** ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

## ફિલ્મી ગપશપ

### ધર્મેન્દ્ર માટે તેની પત્નિ હેમામાલીની શું કહે છે?

# ધર્મેન્દ્ર પાસે દરેક પ્રસંગ માટે એક કવિતા હતી હું ભાગ્યશાળી છું કે તે મારા જીવનમાં હતા

મુંબઈ, તા.૨૫

ધર્મેન્દ્ર અને હેમા માલિની જ્યારે રૂપેરી પડદે સાથે આવ્યાં ત્યારે ચાહકો પર તેઓનું જાદુ કામ કરતો હતો શોલેનું વશીકરણ હોય કે સીતા ઔર ગીતાનું વશીકરણ, આ બંને કલાકારોની કેમેસ્ટ્રીએ હિન્દી સિનેમાની કેટલીક યાદગાર ક્ષણો બનાવી હતી.



પતિ ધર્મેન્દ્ર સાથેનાં તેનાં સંબંધો વિશે વાત કરતાં હેમા માલિનીએ કહ્યું હતું કે તેઓને બોલિવૂડનાં 'હી-મેન' મળ્યાં તે માટે તે 'નસીબદાર' છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે ધર્મેન્દ્ર હૃદયથી કવિ હતાં. હેમા માલિનીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'ધર્મેન્દ્ર પાસે દરેક પ્રસંગ માટે એક કવિતા હતી. કોઈ પણ તેમનાં જેવું ન હોઈ શકે. હું ભાગ્યશાળી છું કે તે મારા જીવનમાં હતા. 'હેમા માલિની અને ધર્મેન્દ્રની પહેલીવાર મુલાકાત 'તુમ હસીન મેં જવાન'ના સેટ પર થઈ હતી. ત્યારે જ બંને નજીક આવ્યાં હતાં અને એવું કહેવામાં આવે છે કે હિન્દુ કાયદો બીજા લગ્નની મંજૂરી આપતો ન હોવાથી બંનેએ ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાનો નિર્ણય લીધો હતો.ધર્મેન્દ્રએ પ્રકાશ કૌર સાથે લગ્ન કર્યા હતાં અને તેમને ચાર બાળકો હતાં, બોબી અને સની દેઓલ. અને બે પુત્રીઓ પોતાનાં પરિવારનાં વિરોધને અવગણીને ધર્મેન્દ્ર અને હેમાએ ૧૯૭૯માં મુંબઈમાં ચૂપચાપ લગ્ન કર્યા હતાં. લગ્નમાં માત્ર બે કાનૂની સાક્ષી હાજર હતાં. સમય જતાં, બંને વચ્ચેનાં સંબંધો વધુ મજબૂત બન્યાં અને તેણે તેની પુત્રીઓ એશા દેઓલ અને આહના દેઓલ સાથે એક પરિવાર બનાવ્યો હતો.ધર્મેન્દ્ર તેમની પત્ની હેમા માલિની માટે બે વખત મથુરા આવ્યાં હતાં. ૨૦૧૪માં હેમાની પહેલી ચૂંટણીમાં ધર્મેન્દ્ર આવ્યાં ન હતાં. ૨૦૧૮માં જ્યારે હેમામાલીનીએ મથુરામાં ઘર બનાવ્યું ત્યારે તેઓ અહીં ગૃહપ્રવેશ માટે આવ્યાં હતાં. તેઓ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે બીજી વખત મથુરા પહોંચ્યાં હતાં.

બોલર મોહમ્મદ સિરાજ નવેમ્બર ૨૦૨૦ માં ઓસ્ટ્રેલિયામાં હતો ત્યારે તેનાં પિતાનું અવસાન થયું હતું. સિરાજે તેનાં પિતાનું સ્વપ્ન પૂરું કરવા માટે ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. સિરાજે મેચમાં જબરજસ્ત પ્રદર્શન કર્યું હતું. જેનાં પર ધર્મેન્દ્રએ ટ્વિટ કર્યું હતું કે, 'ભારતનાં બહાદુર બેટા. લવ યુ. તારા પર ગર્વ છે.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ૪૦ વર્ષ નિમિત્તે ઊજવાશે વિશ્વસંસ્કૃતિપર્વ મહોત્સવ

# 30 નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન યોજાનારા સાત દિવસીય મહોત્સવમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાનો સંગમ રચાશે

**જાણીતા અભિનેતા શ્રી અમોલ પાલેકર, સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક શ્રી અભિજાત જોશી તથા સ્વરકાર શ્રી અમર ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે વિવિધ સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યક્રમો**

**વિશ્વકોશના વડા શ્રી કુમારપાળ દેસાઈ અને ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરીએ પત્રકાર પરિષદને સંબોધીને વિશ્વસંસ્કૃતિપર્વ અંગે આપી જાણકારી**

**મહોત્સવ દરમિયાન લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણ દવેને શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ એનાયત કરાશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ છેલ્લાં ૪૦ વર્ષથી ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસાર-પ્રસાર માટે તેમજ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન માટે સતત કાર્યરત છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક કાર્યક્રમમાં નર્મદા જેમ ગુજરાતની જીવાદોરી છે તેજ ગુજરાત વિશ્વકોશ રાજ્યની સાંસ્કૃતિક દોરી છે, એવું કહીને સન્માની હતી, એવી આ સંસ્થા પોતાની ૪૦ વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ દ્વારા કરવા જઈ રહી છે.

'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ અંગે જાણકારી આપતાં વિશ્વકોશના વડા અને પદ્મશ્રીથી સન્માનિત સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે 30મી નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન વિશ્વકોશના ૪૦ વર્ષ નિમિત્તો 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે.

મહોત્સવ અંગે વધુ માહિતી આપતાં શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા શ્રી અમોલ પાલેકર, વરિષ્ઠ સાહિત્યકાર શ્રી અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી, સ્વરકાર શ્રી અમર ભટ્ટ અને હિમાલી વ્યાસ નાયક, સર્વપ્રથમ એવોર્ડ વિજેતા રેડિયો ડોક્યુમેન્ટરી તૈયાર કરનાર મકરંદ વાઈકર, લેખક-દિગ્દર્શક કમલ જોષી વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. આ મહોત્સવ અંતર્ગત શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર શ્રી અરુણ દવેને એનાયત કરાશે, એવું તેમણે ઉમેર્યું હતું.



વિશ્વકોશ અંગે જાણકારી આપતાં શ્રી કુમારપાળભાઈએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ગુજરાત વિશ્વકોશ ઉપરાંત બાળ વિશ્વકોશ, બૃહદ્ નાટ્યકોશ, તબીબી વિજ્ઞાનનો કોશ, નારી કોશ, ગ્રંથાલય વિજ્ઞાન કોશ પણ તૈયાર કરવામાં આવ્યા છે. ૧૮૦થી વધારે વિષયો પરનો ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતો વિશ્વકોશ આજે ઓનલાઈન પણ ઉપલબ્ધ છે. જેની આજ સુધીમાં ચાર કરોડ એંસી લાખથી વધુ લોકોએ એની મુલાકાત લીધી છે અને દર મહિને દોઢ લાખથી વધુ વિશ્વભરનાં ગુજરાતી ભાષીઓ તેનો ઉપયોગ કરે છે. સાહિત્યિક- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સિવાય વિશ્વકોશ દ્વારા કાર્યશાળાઓ પણ યોજવામાં આવે છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતની આ એક માત્ર સંસ્થા છે કે જ્યાંથી ત્રણ વિશિષ્ટ પ્રકારનાં સામયિકો પ્રગટ થાય છે. દર મહિને પ્રકાશિત થતા એના મુખપત્ર 'વિશ્વવિહાર' સામયિકમાં વિશ્વની ગતિવિધિ આલેખતા ભિન્ન ભિન્ન વિષયો પર લેખો પ્રસિદ્ધ થાય છે, તો વિદેશનાં ગુજરાતી સર્જકોને અનુલક્ષીને તૈયાર થતું એવા ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ' પ્રગટ થાય છે, તો સ્ત્રીઓ દ્વારા સાહિત્ય, કળા અને જ્ઞાનનું ત્રૈમાસિક 'વિશ્વા'નું પ્રકાશન કરવામાં આવે છે. વિશ્વકોશની જુદી જુદી શ્રેણી દ્વારા સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ટેક્નોલોજી, બાળસાહિત્ય જેવાં વિવિધ વિષયો વિશે નિષ્ણાતોએ લખેલાં પ્રમાણભૂત ૧૧૫ પુસ્તકોનું આજ સુધીમાં પ્રકાશન થયું છે. વિશ્વકોશ સાહિત્ય, ચિત્ર, સમાજસેવા, સંશોધન, નાટ્યલેખન જેવાં વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનારને એવોર્ડ આપે છે અને એની ૧૧ જેટલી વ્યાખ્યાનશ્રેણી દ્વારા વિશ્વકોશમાં અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ વ્યાખ્યાનો યોજાયા છે. ભાષાસજ્જતા શિબિર, યોગશિબિર, હસ્તપ્રતવિદ્યા, રોબોટિક્સ, પ્રૂફવાંચન, બ્રાહ્મીલિપિ, આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી કાર્યશિબિરો પણ યોજવામાં આવ્યાં છે, એવું તેમણે ઉમેર્યું હતું.

પૂર્વ મુખ્ય સચિવ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરીએ પત્રકારો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ એવી સંસ્થા છે, જે ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવાનું કામ કરે છે. આ સંસ્થા ભાષા ઉપરાંત જ્ઞાનનો ઉજાસ ફેલાવવાનું પણ ઉમદા કામ કરી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે શ્રી લહેરીએ વિશ્વકોશ માટે શ્રી ધીરુભાઈ ઠાકરના યોગદાનને યાદ કર્યું હતું તથા માતૃભાષા ગુજરાતી અંગે સરકાર અને સાહિત્યિક સંસ્થાઓના પ્રયાસોની વાત કરવાની સાથે સાથે વિશ્વના કોઈ પણ ખૂણે વસતા ગુજરાતી સુધી ગુજરાતી ભાષામાં જ્ઞાનની સરવાણી વહેવડાવવા બદલ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વિસનગરના કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલની ભાવના, શ્રી ધીરુભાઈ ઠાકરની પ્રેરણા અને પુરુષાર્થ તથા કુમારપાળ દેસાઈ, પી.કે. લહેરી, દાઉદભાઈ ઘાંચી, નીતિન શુક્લ, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ જેવાં ટ્રસ્ટીઓની મહેનતને પરિણામે આજે વિશ્વકોશ ગુજરાતની અગ્રણી સાંસ્કૃતિક સંસ્થા થઈ છે.

**મેડીકલ કોલેજ લાંચ પ્રકરણ : ગુજરાત સહિત ૧૦ રાજયોમાં ઇડીના દરોડા**

# મેડીકલ કોલેજોના ઇન્સ્પેકશન રીપોર્ટ લીક થયા બાદ 30 એફઆઇઆર નોંધાઇ : તપાસનો ધમધમાટ






નવી દિલ્હી, તા. ૨૭

દેશની ખાનગી સહિતની મેડીકલ કોલેજોમાં ઈન્સ્પેકશન સમયની અત્યંત ગુપ્ત માહિતી જાહેર થવામાં મોટી રકમની લાંચની લેવડ-દેવડના સંદર્ભમાં આજે એન્ફોર્સમેન્ટ વિભાગે ગુજરાત સહિત દેશના ૧૦ રાજયોની ૧૫ જેટલી મેડીકલ કોલેજોમાં દરોડા શરૂ કર્યા છે.

આ અંગે સીબીઆઈ પાસે ૩૦ એફઆઈઆર નોંધાઈ છે. નેશનલ મેડીકલ કમીશન દ્વારા મેડીકલ કોલેજોનું જે ઈન્સ્પેકશન થાય છે તે સંદર્ભમાં આ કોલેજોની માહિતી અન્ય કોલેજ કે વચેટીયાઓને આપવા સંદર્ભમાં મોટી રકમની લાંચની લેવડ-દેવડ થતું હોવાનું બહાર આવ્યું હતું તેમાં કેન્દ્રીય તપાસ એજન્સીએ અલગ અલગ ૩૦ એફઆઈઆર નોંધાઈ હતી.

આ પ્રકારની નાણાકીય લેવડ-દેવડમાં આંધ્રપ્રદેશ, તેલંગણા, મધ્યપ્રદેશ, છતીસગઢ, ગુજરાત, રાજસ્થાન, બિહાર, ઉતરપ્રદેશ અને દિલ્હીમાં આજે ઈડીએ દરોડા શરૂ કર્યા છે અને તેમાં મોટા ધડાકા થવાની ધારણા છે.

અનેક મેડીકલ કોલેજો કે જે એક વધુ રાજયોમાં અસ્તિત્વ ધરાવે છે તેવી ૭ સ્થળો પર દરોડા શરૂ થયા હતા અને ધીમે ધીમે તે અન્ય રાજય સુધી પહોંચ્યા છે.

ગેરકાનુની રીતે ભંડોળની હેરાફેરી સહિતના વ્યવહારો પણ બહાર આવે તેવી ધારણા છે. અન્ય કોલેજોના ઈન્સ્પેકશન રીપોર્ટના સંદર્ભમાં મોટી રકમની હેરાફેરી થઈ હતી તેવું માનવામાં આવે છે.

**અમદાવાદ એરપોર્ટ પર નવા પેરેલલ ટેક્સીવેથી કાર્યક્ષમતામાં વધારો થશે**

# સમાંતર ટેક્સીવે ઇ અને ટેક્સીવે RI કાર્યરત : રનવેની અવરજવર ક્ષમતામાં ૪૦% વધારો કરશે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (AIAL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે (SVPIA) બે કોડ ઈ પેરેલલ ટેક્સીવે - રોમિયો (ઇ) અને રોમિયો ૧ (RI) નું કમિશનિંગ કરી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

ટેક્સી વે ઈ અને ટેક્સીવે RI એરપોર્ટની કાર્યક્ષમતા અને સલામતી અને રનવેની ક્ષમતામાં વધારો કરશે. SVPIA વર્લ્ડકલાસ એરપોર્ટ બનાવવા અગ્રેસર છે, તેવામાં આ પેરેલલ ટેક્સીવે એરફિલ્ડ પર એર ટ્રાફિકની ભીડ ઘટાડશે.




વૈશ્વિક ઉડ્ડયન બેન્ચમાર્કસને અનુરૂપ ટેક્સીવેની સુવિધાનો ઉમેરો ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) અને ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (ICAO) ના ધોરણોનું પાલન કરીને બનાવવામાં આવ્યો છે. તે મુસાફરો અને એરલાઈન્સની વધતી જરૂરિયાતો પૂર્ણ કરવા ભવિષ્ય માટે તૈયાર એરપોર્ટ ઈન્ફાસ્ટ્રક્ચરના SVPIA ના વિઝનને મજબૂત બનાવે છે.

પેરેલલ ટેક્સીવે ઈ ૧,૧૨૬ મીટરની લંબાઈ ધરાવતો ટેક્સીવે તમામ કોડ ઝ વિમાનોને સમાવી શકે છે. તે હાલના કોડ ઈ ને પેરેલલ ટેક્સીવે P સાથે જોડે છે. હાલમાં વિમાનોને રનવે ૨૩ પર પ્રસ્થાન માટે લગભગ ૨-૩ મિનિટ રનવે પર પાછળ ફરવું પડે છે. રનવે ૦૫ પર આવતા વિમાનોને પણ એટલો જ સમય લાગે છે.

ટેક્સીવે ઈ અને ટેક્સીવે ઈ૧ ખાતરી કરશે કે કોડ ઈ વિમાન ઝડપથી રનવેમાં પ્રવેશ અને નિકાસ કરી શકે, જેનાથી રનવેની ઓક્યુપન્સી સમયમાં ઘટાડો, ઝડપી ઓપરેશન અને સલામતીમાં વધારો થાય. અમદાવાદમાં કાર્યરત ટ્રાફિકનો ૯૫ ટકા હિસ્સો ધરાવતા કોડ C વિમાનો છ૩૨૦, B737 અને બિઝનેસ જેટ પેરેલલ ટેક્સીવેનો ઉપયોગ કરશે.

ટેક્સીવે ઈ૧ : આ ટેક્સીવે છ ને રનવે સાથે જોડે છે અને રનવે ૦૫/૨૩ સુધી સીધો પ્રવેશ પીક ઓપરેશન દરમિયાન ઑપ્ટિમાઈઝ ફ્લો પૂરો પાડે છે. હાલમાં રનવે ક્ષમતા પ્રતિ કલાક ૨૦ એર ટ્રાફિક મૂવમેન્ટ (છ્‌સ) છે. ટેક્સીવે ઈ અને ઈ૧ ના ઉમેરાથી રનવે ક્ષમતા પ્રતિ કલાક ૨૮ છ્‌સ સુધી વધશે.જીર્ફૈછ પરથી એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન ૭.૮ મિલિયનથી વધુ લોકોએ મુસાફરી કરી હતી. જે વાર્ષિક ધોરણે ૭ ટકાનો વધારો દર્શાવે છે.

# બે મહિનામાં રૂા.૧૮ લાખનો ટ્રાફીક દંડ ઓનલાઈન ભરાયો ૯૦ દિવસમાં દંડ ન ભરાય તો મેમો કોર્ટમાં પહોંચી જાય છે



અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં ટ્રાફિક નિયમ ભંગના ઈ-ચલણ પેટે દંડની રકમ ભરવાની પ્રક્રિયાને વધુ સરળ અને ડિજિટલ બનાવવા માટે ગુજરાત પોલીસે એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ભારતીય સ્ટેટ બેંક સાથેના રૈંઅંતર્ગત ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) મારફતે દંડની ઓનલાઈન ચુકવણીની સુવિધા શરૂ કરવામાં આવી છે.

આ નવી સુવિધા શરૂ થયા બાદ નાગરિકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૧લી ઓક્ટોબરથી ૨૪ નવેમ્બર, ૨૦૨૫ સુધીના સમયગાળામાં રૂ. ૧૮.૦૫ લાખથી વધુ રકમનો ચલણ દંડ ઓનલાઈન આ સરળ પ્રક્રિયા મારફતે ભરવામાં આવ્યો છે.

અગાઉ વર્ષ ૨૦૨૩થી `One Nation One Challan' એપ્લિકેશન દ્વારા નેટ બેંકિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, UPI અને PoS મારફત દંડ ભરવાની સુવિધા હતી. હવે તેમાં વધારો કરીને ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો (YONO) એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઈ કરી શકે છે.

ગુજરાત પોલીસ સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, ૯૦ દિવસની સમય મર્યાદાનું ધ્યાન રાખો આ સરળ પ્રક્રિયા દ્વારા માત્ર છેલ્લા ૯૦ દિવસમાં ઈસ્યુ થયેલા ઈ-ચલણનો દંડ ભરી શકાશે. ૯૦ દિવસ પછી ચલણ વર્ચ્યુઅલ કોર્ટમાં ટ્રાન્સફર થઈ જાય છે, જેના કારણે ચુકવણીની પ્રક્રિયા વધુ જટિલ બની જાય છે.

**રેલવેને બચત થવા ઉપરાંત દ્વારકાના પ્રવાસીઓનો સમય બચશે**

# ધાર્મિકનગરી દ્વારકાની રેલવેની કનેકટીવીટી વધશે ૧૪૫૭ કરોડના ખર્ચે કાનાલુસ ડબલ લાઈનને મંજુરી

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકારે સૌરાષ્ટ્રના મહતત્વના રેલ પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે. દેવભૂમિ દ્વારકાની કાનાલુસ ડબલિંગ લાઈનનો પ્રોજેકટ ૧૪૫૭ કરોડના ખર્ચે સાકાર થશે. ધાર્મિક નગરી દ્વારકા માટે આ રેલ પ્રોજેકટ મહત્વનો બનશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી કેબીનેટ બેઠકમાં ૨૦૦૦૦ કરોડની ચાર દરખાસ્તોને મંજુરી આપવામાં આવી હતી તેમાં દ્વારકા-કાનાલુસ ડબલ લાઈન રેલ પ્રોજેકટનો પણ સમાવેશ થાય છે.દેવભૂમિ દ્વારકા (ઓખા)થી કનાલુસ ડબલિંગ પ્રોજેકટને પણ મંજૂરી આપવામાં આવી છે. આ દરખાસ્ત રૂપિયા ૧૪૫૭ કરોડની છે. આ પ્રોજેક્ટની મદદથી વાર્ષિક ૨.૮ કરોડ ડીઝલની બચત થશે તથા લોજિસ્ટિક કોસ્ટ વાર્ષિક ધોરણે રૂપિયા ૩૧૧ કરોડ ઘટશે.

આ પ્રોજેકટથી દ્વારકાધીશ મંદિર સુધી વધુ સારી કનેક્ટીવિટી ઉપલબ્ધ બનશે. દ્વારકા તરફ જનારી અને પરત આવનારી ટ્રેનોના નિયત સમયમાં બચત થશે.

દ્વારકા-કાનાલુસ ડબલિંગ ટ્રેકથી રેલ્વે લાઈનમાં ૧૫૯ કી.મી.નો વધારો થશે



**પ્રોજેક્ટમાં ૭ મોટા બ્રિજ, ૧૪૩ નાના બ્રિજનાં નિર્માણનો સમાવેશ: રૂટના ૧૨ રેલ્વે સ્ટેશનોની રેલ સુવિધામાં વધારો**

**હાલમાં રાજકોટ-કાનાલુસ વચ્ચે રેલ્વેનો ડબલ ટ્રેકની કામગીરી ચાલી રહી છે ત્યારે રાજકોટ ડિવિઝનને આવરી લેતા વધુ પ્રોજેક્ટ મંજુર થતા દ્વારકા-કાનાલુસ ૧૪૧ કિ.મી. નવો બીજો રેલ્વે ટ્રેકનું નિર્માણ થનાર છે. દ્વારકા(ઓખા)-કાનાલુસ ડબલિંગ માટે ૧૪૧ કી.મી.ના ટ્રેકને આવરી લેવાયો છે. ૧૪૫૭ કરોડના આ પ્રોજેક્ટમાં ૭ મોટા બ્રિજ, ૧૪૩ નાના બ્રિજનું નિર્માણ થશે. સાથે આ રૂટના ઓખા, મીઠાપુર, દ્વારકા, બોરીન્જા, ઓખા મઢી, ભાટીયા, ભોપાલકા, ભારોલ, ખંભાળીયા, મોણપુર, કાનાલુસ રેલ્વે સ્ટેશનોની રેલ સુવિધા અને કુલ ૧૫૯ કી.મી. રેલ્વે લાઈનનો વધારો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં રાજકોટ-કાનાલુસ ૧૧૧ કી.મી. ડબલિંગનું કામ ૭૦ ટકા પુર્ણ થયું છે. ૧૦૮૦ કરોડનો આ પ્રોજેક્ટ આગામી જૂનમાં પૂર્ણ થનાર છે.**

# ભગવાન બધાને એક જ માટીમાંથી બનાવે છે; કેટલાક બહારથી સુંદર હોય છે, તો કેટલાક અંદરથી કદરૂપા...



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



શરીરબળ,બુદ્ધિબળ કરતાં જ્ઞાન બળ, પ્રેમબળ સર્વથી શ્રેષ્ઠ છે. પ્રેમબળ આગળ બીજાં બળ ગૌણ છે.દ્રવ્યબળથી કે જ્ઞાનબળ થી પરમાત્મા જીતી શકાય નહીં. પ્રેમબળથી પરમાત્માને જીતી શકાય છે. પરમાત્માની સાથે પ્રેમ કરશો અને સંયમને વધારશો એટલે તમે બલિ થશો.જીવ પ્રેમ ભાવ વધારે તો ભગવાન દુર્બળ થઈને આંગણે આવે છે. કથા સાંભળવા નીકળે અને બાળક રડે તો બાળકને રડતું મૂકી માતા કથા સાંભળવા જતી નથી.બાળકના પ્રેમ આગળ મા દુર્બળ છે.પણ છોકરો મોટો થાય,પરણે એટલે માનો પ્રેમ ભૂલી જાય છે.મોટો થાય પછી જો છોકરો કથામાં જવા ના કહેશે તો મા તેનું માનશે નહીં, કારણ કે હવે તેનો મા પરનો પ્રેમ પહેલાં જેવો નથી.મા નિર્બળ હતી,કારણકે છોકરાનો પ્રેમપ્રબળ હતો.તેવી રીતે તમે પ્રેમ બળ વધારશો,તમે બલિ થશો તો પરમાત્મા તમારા આંગણે આવશે તમારી જોડે જ રહેશે.જે સદા ચારી અને પવિત્ર જીવન ગાળે છે તેને ત્યાં ભગવાન ભિક્ષા માગવા આવે છે.

પરમાત્મા આંગણે આવે ત્યારે ત્રણ પગલાં પૃથ્વી માગે છે એટલે કે જીવ પાસે પરમાત્મા ત્રણ વસ્તુ ઓ માગે છે.તન,મન અને ધન માગે છે.એ ત્રણ ભગવાનને આપવાં જોઈએ.તનથી સેવા કરશો તો શરીરનું અભિમાન, દેહાભિમાન ઓછું થશે.મન સેવા થી અહંકાર ઓછો થાય છે.ધન થી સેવા કરશો તો ધન ઉપરની મમતા ઓછી થાય છે,પૈસા ઉપર નો મોહ નષ્ટ થાય છે.મનથી સેવા કરવાથી થાકનો અનુભવ થતો નથી.તન,મન અને ધન ભગવાનને આપે ત્યારે જ રાસલીલામાંસ્થાન મળે જીવબ્રહ્મનું મિલન થાય,માટે એ ત્રણેથી ઈશ્વરની સેવા કરો, સર્વ વસ્તુઓ ભગવાનની છે અને ભગવાનને સમર્પણ કરવાની છે. તેનું જ આપેલું તેને આપવાનું છે. હે ગોવિંદ,તારું છે ને તને જ તે સમર્યું છે.

બલિની પેઠે જે તન,મન,ધન ભગવાનને અર્પણ કરે તેના દ્વારપાળ ભગવાન બને. તેના શરીરમાં પ્રત્યેક દ્વારે ભગવાન નારાયણ બિરાજીને તેનું રક્ષણ કરે છે.ઈન્દ્રિયો તે શરીરનું એક-એક દ્વાર.આ એક-એક ઈન્દ્રિય ઉપરની રામની ચોકી બેસી જશે. એના કાનમાં કનૈયો, આંખમાં કનૈયો અને હૈયામાં કનૈયો રહેશે.

ત્રણ પગલાં પૃથ્વીનો બીજો અર્થ એવો થાય છે કે,સત્ત્વ,રજ,તમ – એ ત્રણ ગુણો ઈશ્વરને અર્પણકરો શરીરથી ભાગવત સેવા ખૂબ કરશો તો તમોગુણ ઓછો થશે. ઈશ્વરસેવામાં ધન ખૂબ વાપરશો તો રજોગુણ ઓછો થશે.તન,ધન આપો પણ મન આપશો નહીં,તો પરમાત્મા રાજી થશે નહીં મનથી ઈશ્વર સાથે સંબંધ જોડવાનો છે.મનુષ્ય સર્વસ્વ ઈશ્વરને આપતો નથી.મનુષ્ય થોડું રાખીને પછી પરમાત્માને આપે છે એટલે પરમાત્મા પ્રસન્ન થતા નથી. થોડું રાખીને લેવું એનો અર્થએ છે કે,જેટલો વિશ્વાસ ઓછો એટલું સમર્પણ કાચું. સત્ત્વગુણનો નાશ કરવા માટે મનને પણ શ્રીકૃષ્ણને અર્પણ કરવાનું છે. સેવામાં આંસુ આવે તો માનજો કે, ઠાકોરજીએ કૃપા કરી છે. સેવા કરતાં થાક લાગે નહીં, થાક ઊતરે. ઈશ્વર સાથે સંબંધ થાય તો ભાર ઊતરે. ભાર ઊતરે એટલે હળવાફૂલ બની પ્રભુના બની જવાય.સમર્પણ કરનારો પોતાનું પણ સમર્પણ કરે.

ભગવાનને કહેવાનું કે, પ્રભુ, હું નથી મંત્ર જાણતો,નથી ક્રિયા જાણતો અને નથી ભક્તિ જાણતો હું તો મંત્રરહિત,ક્રિયા રહિત,ભક્તિરહિત છું.મારી ભૂલ થતી હોય તે ક્ષમા કરજો અને મારા કર્મને પરિપૂર્ણ માનજો. સત્કર્મ કર્યા પછી દૈન્ય ન આવે તો તે સત્કર્મ ફળતું નથી.કર્મ બાધક થતું નથી, પણ મેં કર્યું છે એવો અહંકાર કર્મમાં બાધક છે. હૃદયથી નમશો તો ભગવાનને ગમશો.

દૈત્યનો પ્રભાવ તો જુઓ!બલિમાં દૈત્ય આવ્યું એટલે સેવ્ય હતા તે સેવક બન્યા. ભગવાન એને ત્યાં દ્વારે દ્વારે પહેરો ભરવા તૈયારથયા જેની એકએક ઈન્દ્રિય પર પ્રભુનો પહેરો રહે એને પછી કઈ વાતની ચિંતા? એને પછી દુઃખ શું? ભય શું?

એક વખત રાવણ ફરતો ફરતો પાતાળમાં બલિ સામે લડવા આવ્યો તેણે વામનને દ્વારે પહેરો ભરતા જોયા. રાવણે કહ્યું,મારે બલિ સાથે યુદ્ધ કરવું છે. વામનજીએ કહ્યું, હું તો સેવક છું. પહેલાં મારી સાથે લડ!પછી મારા માલિક સાથે!રાવણ એટલે કામનું પ્રતીક. પ્રભુ સાથે લડવાનું એનું શું ગજું?લડવા ગયો ત્યાં વામન ભગવાને રાવણની છાતી ઉપર લાત મારી ને સમુદ્રકિનારે જઈ પડયો. રાવણ એ કામ છે. તમારા ઈન્દ્રિય દ્વારે ભગવાન પહેરો ભરે, તો તેમાં કામ પ્રવેશ કરી શકે નહીં.

બલિરાજાને ત્યાં વામન ભગવાન દાન લેવા ગયા, અને દાન લઈ તેને ઘરે પહેરો ભરવો પડયો! જે દાન લે તે બંધનમાં પડે છે. દાન લેનારની પણ મોટી જવાબદારી છે. મહાલક્ષ્મી ઘરમાં એકલા છે. તેમને નારાયણ વગર ચેન પડતું નથી. ક્યારે આવશે? ક્યાં હશે? અકળાઈને નારદજીને પૂછ્યું ત્યારે નારદજીએ કહ્યું,નવી નોકરી લીધી છે.સૂતળપાતાળમાં બલિના દ્વારે પહેરો ભરે છે. આ સાંભળી લક્ષ્મીજી દોડતાં સૂતળપાતાળમાં આવ્યાં. ઘરમાં ઠાકોરજીને પધરાવશો તો લક્ષ્મીજી પાછળ પાછળ વગર આમંત્રણે આવશે. લક્ષ્મીજીએ બ્રાહ્મણ પત્નીનો વેશ લીધો. લક્ષ્મીજીએ બલિરાજાને કહ્યું કે, હું તારી ધર્મની ભગિની.તું મારો ધર્મનો ભાઈ. બલિને આનંદ થયો. બલિરાજાને પ્રણામ કર્યા.કહે કે, ક્યારનું મનમાં મને એક દુઃખ હતું કે,જગતમાં મારે કોઈ બહેન નથી. સારું થયું મને બહેન મળી! પણ માતાજીનો જીવ વલોવાઈ જાય છે. દ્વારિકાનાથ હાથમાં લાકડી લઈ સિપાઈ જેમ પહેરો ભરે છે! એક કડવા દ્રષ્ટાંત સાથે આજે ભગવદ્ ગીતા જ્ઞાનના લેખનું સમાપન કરીએ સુંદરનગર માં એક ધનવાન માણસ રહેતો હતો. તેનામાં દરેક ગુણ હતો,એક માત્ર વસ્તુનો અભાવ હતો સંયમ જાળવવાની ક્ષમતા.તે નાની નાની વાત પર ગુસ્સે થઈ જતો.તેની આસપાસ ના લોકો તેનાથી હેરાન થતા.તેના પોતાના પરિવારના સભ્યો પણ હતાશાથી તેની સાથે વાત કરવાનું બંધ કરી દેતા.પણ આ ક્યાં સુધી ચાલશે?તે ફરીથી તેની સાથે વાત કરવાનું શરૂ કરતા ઘણો સમય પસાર થયો,પણ ધન વાન માણસની આદતો યથાવત રહી.તેનો સ્વભાવ યથાવત રહ્યો.

આખરે, એક દિવસ તેનો પરિવાર એક સંત પાસે ગયો અને તેમને પોતાની સમસ્યા જણાવી, કહ્યું, ×મહારાજ! અમે તેમનાથી ખૂબ જ પરેશાન છીએ. કૃપા કરીને કોઈ ઉકેલ સૂચવો.× પછી, સંતે થોડીવાર વિચાર કર્યો અને કહ્યું, ×શેઠજીને મારી પાસે મોકલો.×

×ઠીક છે,મહારાજ,×ધનવાન માણસના પરિવારે ઘરે પાછા ફરતા કહ્યું.તેઓએ વિવિધ ઉકેલો સાથે શેઠજીને સંત પાસે લઈ જવાનો પ્રયાસ કર્યો.પરંતુ,તે સંતો અને ઋષિઓમાં માનતો ન હતો. તેથી, તે સંત પાસે આવ્યો નહીં. પછી એક દિવસ,સંત પોતે તેમના ઘરે પહોંચ્યા. તેઓ એક ગ્લાસમાં થોડું પ્રવાહી લાવ્યા હતા.

સંતને જોઈને,શેઠ ઉત્સાહિત થઈ ગયા.પરંતુ તેમના પરિવારનીચિંતા ઓને કારણે,તેઓ ચૂપ રહ્યાસંતે શેઠને કહ્યું,×શેઠ!હું આ તમારા માટે હિમાલયથી લાવ્યો છું. કૃપા કરીને તેનો પ્રયાસ કરો.× શરૂઆતમાં,શેઠ અચકાયા,પરંતુ પછી,તેમના પરિવારના આગ્રહથી તેઓ સંમત થયા.તેમણે પ્રવાહી ધરાવતો ગ્લાસ લીધો, તેને મોં પર મૂક્યો,અને તેની જીભથી પ્રવાહી ચાટ્યું.આમ કરતાં, તેમણે રડતો ચહેરો બનાવ્યો,ગ્લાસને તેમના હોઠ પરથી હટાવ્યો,અને સંતને કહ્યું,×આ ખૂબ જ કડવું છે.તે શું છે?×

×તમારી જીભ જાણે છે કે કડવું શું છે,×સંતે કહ્યું.×બધાને આ ખબર છે,×શેઠે સંત તરફ રહસ્ય મય રીતે જોયું.×ના,એવું નથી.જો બધાને ખબર હોત, તો શબ્દો આ કડવા પદાર્થ કરતાં વધુ કડવાહોત હું મારા મોં માંથી તે કાઢતો નથી. શેઠજી,તે એક ક્ષણ માટે થોભ્યો અને પછી બોલ્યો,શેઠજી,યાદ રાખો કે જે વ્યક્તિ કઠોર શબ્દો બોલેછે તે બીજાને નુકસાન પહોંચાડતા પહેલા પોતાની જીભને દૂષિત કરે છે.×

શેઠ સમજી ગયો કે સંતે જે કંઈ કહ્યું હતું તે તેના માટે જ હતું.તે તરત જ સંતના પગે પડ્યો- ×સાધુ મહારાજ!તમે મારી આંખો ખોલી દીધી છે,હવે હું ભવિષ્યમાંક્યારેય કઠોર શબ્દોનો ઉપયોગ કરીશ નહીં×.

શેઠના મોંમાંથી આવા શબ્દો સાંભળીને,તેના પરિવારના સભ્યો આનંદથી ભરાઈ ગયા.પછી શેઠ જીએ સંતને પૂછ્યું-×પણ,મહા રાજ!તમે હિમાલયથીલાવેલા આ પદાર્થ બરાબર શું છે?×સાધુએ હસીને કહ્યું,×લીમડાના પાનનો અર્ક.××શું?×શેઠજીએ કહ્યું,અને પછી તે હળવેથી હસ્યા વાચક ચાહક મિત્રો!કડવા શબ્દો બોલવા કરતાં આ દુનિયામાં કડવું કંઈ નથી.પદાર્થની કડવાશ જીભ ને થોડા સમય માટે જ કડવો બનાવે છે.પરંતુ કડવા શબ્દો મન અને આત્માને નુકસાન પહોંચાડે છે.અસ્તુ.

# સુઈગામ તાલુકામાં કેનાલો તૂટવાના સિલસિલાની શરૂઆત

# કોન્ટ્રાકટર નર્મદા વિભાગના અધિકારીઓ ટકાવારીના કારણે ખેડૂતો માયમાલ : ભટાસણા કેનાલમાં ભંગાણ, ખેતરોમાં પાણી ફરી વળ્યા

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

સુઈગામ તાલુકામાં છેલ્લા એક સપ્તાહથી કેનાલોમાં પાણી છોડવામાં આવી રહ્યું છે,પરંતુ કેનાલોમાં મરામત કર્યા સિવાય પાણી છોડવાના કારણે કેનાલો તૂટી રહી છે,અને ક્યાંક ક્યાંક તો તૂટેલી કેનાલો રિપેર કર્યા સિવાય ઉતાવળે પાણી છોડી દેવાના કારણે ખેડૂતોના ખેતરોમાં પાણી ફરી વળતાં ખેતીપાકો તરબોળ બની રહ્યા છે.

સુઈગામ તાલુકાની માધપુરા મસાલી માઈનોર કેનાલમાં સાફ સફાઈ વગર પાણી છોડી દેવાતાં તૂટી ગઈ હતી,ત્યાં ગુરુવારે ભટાસણા ડિસ્ટ્રી.કેનાલમાં પણ તૂટેલી કેનાલમાં મરામત કર્યા સિવાય પાણી છોડી દેતાં ભટાસણા ગામની સીમમાં કેનાલમાં ગાબડું પડતા શિયાળુ પાકનું વાવેતર કરેલ ખેતરમાં પાણી ફરી વળતાં ખેડૂતને નુકશાન થવા પામ્યું છે, એક બાજુ અતિવૃષ્ટિના કારણે ચોમાસુ પાકો નાશ પામ્યા છે,અને બીજી બાજુ શિયાળુ પાક વાવેતર કર્યા બાદ કેનાલ તૂટતાં ખેતરમાં પાણી ભરાઈ જવાના કારણે ખેતરમાં પાક ઉગે તે પહેલાં ખેડૂતને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે, શિયાળુ પાકોમાં પાણીની તાતી જરૂરિયાત છે,છતાં જવાબદાર નર્મદા નિગમ દ્વારા જે તે કેનાલોની સાફ સફાઈ કરાવ્યા બાદ અને તૂટેલી કેનાલોનું મરામત કર્યા બાદ પાણી છોડવામાં આવે તેવી તકેદારી રાખવા ખેડૂતોએ અપીલ કરી છે.



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

**નર્મદા વિભાગના અધિકારીઓ ટકાવારી માં મશગુલ ખેડૂતો માયમાલ થઇ રયા છે ત્યારે ખેડૂતોનો આક્ષેપ છે કે કોન્ટ્રાકટર રાજકીય વગ ધરાવીને મનફાવે તેમ કેનાલ નું કામગીરી કરતા હોય છે અને નર્મદા વિભાગના અધિકારીઓ માત્ર ટકાવારી લઇને રાતોરાત બિલ પાસ કરી દેવામાં આવતા હોય છે**

**કોન્ટ્રાકટર ને રાજ્યકીય ઓથ મળતો હોવાના આક્ષેપ થઇ રયા છે ત્યારે શું ખેડૂતો પાયમાલ થાય તે ભલે થાય પણ કોન્ટ્રાકટર ને એક પણ શબ્દ કહેવાનો થતો નહીં જેથી કરીને કેનાલમાં પાણી છોડાય તેના ગણતરી ના દિવસોમાં જ કેનાલ તૂટી જાય છે ત્યારે ઉંચ કક્ષાએ થી તપાસ ટીમ આવીને તપાસ કરે તો મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા તેવા ખેડૂતો ના ગંભીર આક્ષેપ લગાવી રયા છે.**

## સંક્ષિપ્ત સમાચાર

### લાંચ પ્રકરણમાં ખુલાસો : અધિકારીના લોકરમાંથી રૂા.૨.૩૧ કરોડ રોકડા મળ્યા




અમદાવાદ તા.૨૭

સર્વ શિક્ષા અભિયાનના પૂર્વ સ્ટેટ પ્રોજેકટ ઈજનેર નિયુણ ચોકસી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જુલાઈ ૨૦૨૧માં રૂ. ૧.૨૧ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા બાદ એસીબી દ્વારા કરાયેલી સઘન તપાસમાં ચોકસી પાસે તેમની કાયદેસરની આવક કરતાં રૂ. ૩.૦૮ કરોડ રૂપિયા વધુની બેનામી સંપત્તિ મળી આવી હતી.

જેમાં રૂ. ૨.૩૧ કરોડ જેટલી માતબર રકમ રોકડ સ્વરૂપે હતી. આ રોકડ ગાંધીનગરની બેંકોના ત્રણ લોકરમાંથી અને તેમના ઘરેથી જપ્ત કરવામાં આવી હતી. નિયુણ ચોકસીએ ૧ એપ્રિલ, ૨૦૧૧ થી ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમિયાન પોતાની સરકારી ફરજનો દુરુપયોગ કરીને ૬૨.૪૩ ટકા જેટલી અપ્રમાણસર મિલકત ભેગી કરી હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું છે, જેના પગલે સરકારી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

## સુઈગામ પોલીસનો માનવીય અભિગમ...

### બે વર્ષથી પિયરમાં રહેતી સેડવ ગામની મહિલાના પતિ સાથે કાઉન્સેલિંગ કરી સુખદ સમાધાન કરાવ્યું

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૭

સુઈગામ પોલીસના માનવીય અભિગમથી છેલ્લા બે વર્ષમાં ૨૦ થી વધુ ઘર પરિવારથી વિખૂટા પડી રખડતું જીવન જીવતા પ્રભુ સ્વરૂપ લોકોને સાચવી તેમના પરિવારો સાથે મિલન કરાવી તેમની ફરજ ઉપરાંતનું કામ કરી માનવીય મૂલ્યોનું જતન કર્યું છે, નાની મોટી તકરારો કે સામાજિક વિવાદોમાં પોલીસ સમજાવટ કરી સુખદ સમાધાન કરાવતા હોય છે, સુઈગામ પોલીસ પી.આઈ.એચ. એમ .પટેલ અને હે.કો.ભુરાજીએ માનવીય અભિગમ દાખવી સુઈગામ તાલુકાના સેડવ ગામની બે વર્ષથી પિયરમાં રહેતી એક પરિણીત મહિલાને તેના સાસરિયા પક્ષના લોકો સાથે બેઠક કરી બન્નેનું કાઉન્સિલિંગ કરી,સમજાવટથી સુખદ સમાધાન કરી,ઘર સંસાર બચાવ્યો છે, બનાવની વિગત મુજબ સુઈગામ તાલુકાના સેડવ ગામની શારદાબેન (નામ બદલ્યું છે)ના થરાદ તાલુકાના એક ગામમાં ચાર વર્ષ અગાઉ સમાજના રીત રિવાજ મુજબ લગ્ન થયેલ, બે વર્ષ સારી રીતે ઘરસંસાર ચાલ્યા બાદ તેણીને તેનો પતિ મારકૂટ કરતો હોઈ અને બન્ને વચ્ચે નાની નાની બાબતે ઝઘડો થતો હોઈ બે વર્ષ પહેલાં તેણીને તેના પિયરિયાં ઘરે તેડી લાવેલ, બે વર્ષ બાદ પણ કોઈ તેડવાના આવતાં આખરે કંટાળી તેણીની એ તેના પતિ અને સાસરિયા વિરુદ્ધ દહેજ પ્રતિબંધક ધારા હેઠળ સુઈગામ પો.સ્ટેશને ફરિયાદ દાખલ કરેલ, જે અંગેનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે, બે વર્ષ બાદ પણ કોઈ નિવેડો ના આવતા આખરે તેણીનીએ કંટાળી સુઈગામ પો.સ્ટેશને કાંતો તેનો પતિ તેને તેડી જાય નહિતર આત્મહત્યા કરવાની ધમકી સાથે લેખિત રજૂઆત કરતાં સુઈગામ પોલીસે બન્ને પક્ષના સગાઓને બોલાવી માનવીય અભિગમના ભાગરૂપે બન્ને વચ્ચે મધ્યસ્થી રહી કાઉન્સેલિંગ કરી સમજાવતા આખરે સાસરિયા પક્ષનાઓએ રાજી ખુશીથી તેણીને તેડી જવાની તૈયારી બતાવતા સુખદ સમાધાન થયું હતું, બે વર્ષથી સાસરિક ડખાનો પોલીસની દરમિયાનગીરીથી સુખદ નિવેડો આવતાં બન્ને પરિવારમાં ખુશી જોવા મળી હતી.




(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

## આ યોજના હેઠળ ૧.૭૦ લાખની સહાય ચાર (૪) હપ્તામાં મળવાપાત્ર રહેશે

### મહેસાણા જિલ્લામાં વસતાં અનુસુચિત જાતિના લોકો ડો.આંબેડકર આવાસ યોજનાની સહાય મેળવી શકશે

**યોજનાનો લાભ મેળવવા માગતા અરજદારોએ https://esamajkalyan.guja®a.gov.in ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

મહેસાણા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર અનુસુચિત જાતિના લોકોને સરકારશ્રી દ્વારા ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસ પુરા પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજનાના લાભ લેવા મહેસાણા જિલ્લાનાં અનુસુચિત જાતિના લોકોને જણાવવામાં આવે છે.

અનુસુચિત જાતિના નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અને ખાસ કરીને ગરીબી રેખા હેઠળ જીવતા ઘર વિહોણા લોકોને સમયબદ્ધ કાર્યક્રમ રૂપ તબક્કાવાર આવાસ પુરા પાડવાનો સરકારનો હેતુ છે. જે વ્યક્તિઓ ખુલ્લો પ્લોટ ધરાવતાં હોય, તદન કાચું, ઘાસ માટીનું, ઘાસપુળાનું કુબા ટાઈપનું મકાન જે રહેઠાણ યોગ્ય ન હોય તેવું મકાન ધરાવનાર તથા મકાન માલિકની સંમતિથી પ્રથમ માળ ઉપર મકાન બાંધવા માટે પણ રૂ.૧.૭૦ લાખની સહાય ચાર (૪) હપ્તામાં મળવાપાત્ર છે.




અત્રે ઉલ્લેખનીય છે કે તા.૨૯/૦૬/૨૦૧૫ના ઠરાવ મુજબ અનુસુચિત જાતિના લાભાર્થી પોતાનું મકાન બનાવવા જે વ્યક્તિના નામે હાલમાં ભોયતિળયે મકાન હોય તેના પ્રથમ માળ ઉપર તેમના પુખ્ય વયના પુત્રો અથવા ભાઈ જમીન/મકાન માલિકની સંમતિથી ઉપરના માળે મકાન બાંધે તો તેને પણ આ યોજના હેઠળ લાભ આપી શકાશે પરંતુ આ અંગે હાલના મકાનનું માળખા ઉપર બીજો માળ ખેંચવા માટે સક્ષમ છે તે મુજબનું ઈજનેર (civil engineer) નું પ્રમાણપત્ર અરજદારે રજૂ કરવાનું રહેશે.

જે અન્વયે નાણાકીય વર્ષ-૨૦૨૫- ૨૬ દરમિયાન આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય તેવા અરજદારોએ https://esamajkalyan.guja®a.gov.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરીને અરજી કરવાની રહેશે.

આ પોર્ટલ ઉપર ઉપલબ્ધ માર્ગદર્શક સુચનાઓ મુજબ જરૂરી સાધનિક કાગળો અરજદારોએ ઓનલાઈન સબમિટ કરવાના રહેશે. જેની નિયમાનુસાર ચકાસણી કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

## રોટરી લિટરરી કોક્લેવ યોજાઈ

### ડો. હિમાંશુ માથુર લિખિત "સમંદર સિખાતા રહા" ગઝલ સંગ્રહનુ લોકાર્પણ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૭

રોટરી અમદાવાદ સોલિટેર તથા બીલીવ ફાઉન્ડેશનના તત્વાવધાનમાં સાહિત્ય સંમેલન તેમજ પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં અધ્યક્ષપદે રોટેરિયન નિગમ ચૌધરી તથા મુખ્ય અતિથિ હિંદી સહિત્યકાર ડોક્ટર ઋષિપાલ ધીમાન હતા. રોટેરિયન ડોક્ટર હિમાંશુ બૃજેશ 'શિખર'ના હિન્દી ગઝલ સંગ્રહ 'સમંદર સિખાતા રહા'નું લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પુસ્તકના વેચાણથી પ્રાપ્ત થતી સમગ્ર આવક જરુરીયાતમંદ બાળકોની તબીબી સારવાર માટે વપરાશે.

એ.એમ.એ.માં આયોજિત સાહિત્યિક કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિ તરીકે વરિષ્ઠ કવિ તથા શિક્ષણવિદ પ્રો. દેવેન્દ્ર આચાર્ય, અજમેરથી વિશેષ ઉપસ્થિત ગઝલકાર ડોક્ટર બ્રિજેશ માથુર, વરિષ્ઠ ગીતકાર ચંદ્રમોહન તિવારી, પ્રસિધ્ધ કવિ મુકેશ શર્મા ઉપસ્થિત હતા.

કાર્યક્રમમાં જાણિતા હિંદી લેખિકા, કવયિત્રી શ્રીમતી નિશા ચંદ્રાએ મુખ્ય વકતવ્ય આપ્યું હતું.

આભાર વિધિ સરસ્વતીચંદ્ર આચાર્ય એ કરી.

આ રોટરી લિટરરી કોક્લેવમાં સાહિત્ય પ્રેમીઓ તથા મીડિયા કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્ય અને કલા જગતની વિવિધ પ્રતિભાઓને આ પ્રસંગે સન્માનિત કરવામાં આવી.

કાર્યક્રમનું સફળ સંચાલન પૂનમ જૈન અગ્રવાલ 'ચાંદની'એ કર્યું હતું.

## ૯ અને ૩૦ નવેમ્બરે મામલતદાર કચેરીઓ ખાતે કામગીરી કરાશે

### બનાસકાંઠા અને વાવ-થરાદમાં મતદારયાદી સુધારણા માટે મેગા કલેક્શન દિવસ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૭

બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા (જૈંઇ) કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે આગામી ૨૯ અને ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બંને જિલ્લાની મામલતદાર કચેરીઓ ખાતે મેગા કલેક્શન દિવસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેગા કલેક્શન દિવસ દરમિયાન, ૨૯ નવેમ્બરે બપોરે ૧૨:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી અને ૩૦ નવેમ્બરે સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કામગીરી ચાલશે. સંબંધિત મતદાર વિભાગના મતદારો પોતાના ગણતરી ફોર્મ (ઈ઼) અને ફોર્મના પાછળના ભાગમાં દર્શાવેલ ૧ થી ૧૧ પુરાવાઓમાંથી લાગુ પડતા પુરાવા રજૂ કરી શકશે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ ખાસ નોંધ લેવા જણાવ્યું છે કે, જે મતદારો મતદારયાદીમાં નોંધાયેલા પોતાના સરનામે રહેતા નથી, તેવા સ્થળાંતરીત મતદારોએ આ કેમ્પનો લાભ લઈને પોતાના ગણતરી પત્રક અને પુરાવા રજૂ કરવા.

મતદારોની સુવિધા માટે વિવિધ સ્થળોએ વ્યવસ્થા કરવામાં આવી છે. ૦૭ વાવ વિધાનસભા માટે મામલતદાર કચેરી વાવ, ભાભર નગરપાલિકા અને સુઈગામ મામલતદાર કચેરી ખાતે કામગીરી થશે. ૦૮ થરાદ વિધાનસભા માટે મામલતદાર કચેરી થરાદ ખાતે, જ્યારે ૦૯ ધાનેરા વિધાનસભા માટે મામલતદાર કચેરી ધાનેરા અને મામલતદાર કચેરી દાંતીવાડા ખાતે વ્યવસ્થા છે. ૧૦ દાંતા વિધાનસભા માટે મામલતદાર ઓફિસ દાંતા, જનસેવા કેન્દ્ર હડાદ (ગ્રામ પંચાયત કચેરી) અને મામલતદાર ઓફિસ અમીરગઢમાં વ્યવસ્થા કરાઈ છે. ૧૧ વડગામ વિધાનસભા માટે મામલતદાર ઓફિસ વડગામમાં સુવિધા ઉપલબ્ધ છે.આ ઉપરાંત, ૧૨ પાલનપુર વિધાનસભા માટે મામલતદાર કચેરી પાલનપુર તેમજ પાલનપુર નગરપાલિકામાં સેવાઓ ઉપલબ્ધ છે. ૧૩ ડીસા વિધાનસભા માટે મામલતદાર કચેરી ડીસામાં, ૧૪ દિયોદર વિધાનસભા માટે મામલતદાર કચેરી દિયોદરમાં અને ૧૫ કાંકરેજ વિધાનસભા માટે મામલતદાર કચેરી કાંકરેજ તથા મામલતદાર કચેરી લાખણી ખાતે તમામ કામગીરી કરવામાં આવશે.

## અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ સમિતિનો ઉત્તર-મધ્ય ગુજરાત અભ્યાસ પ્રવાસનો

### પાણી પુરવઠા યોજનાઓની કામગીરીની સમીક્ષા કરાઈ ડુંગરાળ વિસ્તારમાં પાણી પહોંચાડવા સરકાર કટિબધ્ધ

(ગરવી તાકાત) ઈડર તા.૨૭

ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિએ બનાસકાંઠાના અંબાજી ખાતેથી ઉત્તર અને મધ્ય ગુજરાતના અભ્યાસ પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. આ સમિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના બાવળ કાઠિયા હેડવર્ક પાણી પુરવઠા યોજના સ્થળની મુલાકાત લઈ પાણી પુરવઠા વિભાગના ક્ષેત્રિય અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં સમિતિના પ્રમુખ અને ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીએ સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ બહુમૂલ્ય ધરાવતા ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં પાણી પુરવઠા વિભાગ હેઠળની વિવિધ યોજનાઓની કામગીરી વિશે અધિકારીશ્રીઓ સાથે સમીક્ષા કરી હતી. જેમાં આદિવાસી વિસ્તારમાં પાણી પહોંચાડવા અંગેની કામગીરી, છૂટા છવાયા વિસ્તારના ઘર માટે પાણીની વ્યવસ્થા, હેડપમ્પ મંજૂરી, ચેકડેમની સ્થિતિ, બજેટ, વિવિધ યોજનાઓ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પાણી પહોંચાડવા બાબત, આદિવાસી વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિ અને મંજૂરી હેઠળની જૂથ યોજનાઓ વિશે સવિસ્તાર ચર્ચા કરાઈ હતી. આ સમિતિએ આદિવાસી વિસ્તારના લોકોને પાણી મળી રહે તે માટે તમામ કાર્યોને આગળ વધારવા ભલામણ કરી હતી. આદિવાસી વિસ્તારમાં જ્યાં પાંચ કે તેથી વધુ ઘર હોય તો ત્યાં પણ નળ સે જળ યોજના હેઠળ લાભ મળી રહે તે માટે સરકારશ્રીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.સમિતિના પ્રમુખશ્રી અભેસિંહ તડવીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ટ્રાઈબલ એરિયાના વિકાસ માટે મોટું બજેટ જાહેર કરેલું છે. આ વિસ્તારમાં પાણી પુરવઠાના અધિકારીશ્રીઓ દ્વારા વિવિધ યોજનાઓને લઈને શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. સરકારશ્રીનો સંકલ્પ છે કે, ડુંગરાળ વિસ્તારમાં પણ નાગરિકોને પાણીની સુવિધા મળી રહે તે દિશામાં કામ આગળ વધી રહ્યું છે.



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

આ બેઠકમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું જેમાં આદિજાતિ તાલુકામાં વરસાદની સ્થિતિ, લોકોની સંખ્યા અને પાણીની જરૂરિયાત, વિવિધ યોજનાઓ, વહીવટી મંજૂરીઓ બાબતે સવિસ્તાર ચર્ચા કરાઈ હતી. ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં અત્યારે ધરોઈ ડેમ આધારિત ખેડબ્રહ્મા જૂથ યોજના હેઠળ ૧૨૨ ગામોને પીવાનું પાણી પૂરુ પાડવામાં આવી રહેલ છે, કુવા આધારિત ગુણ ભાખરી જૂથ યોજના હેઠળ પોશીના તાલુકાના ૦૪ ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે. તથા ધરોઈ ડેમ આધારિત પોશીના જૂથ યોજના હેઠળ ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાના ૫૫ ગામોને તથા વણજ ડેમ આધારિત વિજયનગર જૂથ યોજના હેઠળ વિજયનગર તાલુકાના ૩૮ ગામોને પીવાના પાણી નો લાભ આપવાનું આયોજન છે. અત્યારે આ વિસ્તારમાં કુલ ૭૬૫૨ હેડપમ્પ કાર્યરત છે. સાબરકાંઠાની મુલાકાત દરમિયાન સમિતિના સભ્યોએ ખેડબ્રહ્મા અંબિકા માતાજીના દર્શન કરી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ બેઠકમાં ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, શ્રીમતી દર્શનાબેન દેશમુખ, વિધાનસભા સચિવાલયના ઉપ સચિવશ્રી પાર્થ પ્રજાપતિ, ઝોન ૨ અમદાવાદના મુખ્ય ઈજનેરશ્રી ભારતીબેન મિસ્ત્રી, ગાંધીનગર મુખ્ય ઈજનેર (યાંત્રિક) સહિત બનાસકાંઠા,સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પાણી પુરવઠા વિભાગના ક્ષેત્રિય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગરમાં 30 જેટલા દબાણો, બે ધાર્મિક સ્થળો પર ચાલ્યું દાદાનું બુલડોઝર

ભાવનગર,તા.૨૬

ભાવનગરમાં પાલિકાએ મેગા ડિમોલિશનની કામગરી શરૂ કરી દીધી છે જેમાં ૨૫ થી ૩૦ જેટલા દબાણો અને બે ધાર્મિક સ્થળો તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કામગીરી કડક પોલીસ સુરક્ષા હેઠળ હાથ ધરવામાં આવી હતી. સિટી સર્વે નંબર ૭૬/૬૯ પર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ૨૫ થી ૩૦ દબાણો અને બે ધાર્મિક સ્થળો પણ દૂર કરવામાં આવ્યા હતા.

૨૦૦૩ માં આ સરકારી જમીન પર દબાણો દૂર કરવાયા હતા. ત્યારબાદ, સમયાંતરે સ્થળ પર દબાણો ફરીથી કરવામાં આવ્યા હતા. ગેરેજ, ભંગારની દુકાનો અને ધાર્મિક સ્થળો અને તેમની ઓફિસો સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા છે. કડક પોલીસ સુરક્ષા હેઠળ દબાણ વાળી જમીન ખોલવામાં આવી હતી. સિટી સર્વે ટીમ અને મામલતદારની ટીમ દ્વારા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ દબાણો દૂર કરવામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ પણ સામેલ હતી.

ભાવનગર શહેરમાં આજે વહેલી સવારે મેગા ડિમોલિશન શરૂ થયું છે, જેમાં ભાવનગરના અકવાડા નજીક ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનના અતિક્રમણ વિભાગે આ કાર્યવાહી હાથ ધરી હતી, જ્યારે મદરેસા અને ફ્લેટના રહેવાસીઓ પોતાનો સામાન લઈને બહાર આવ્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, કર્મચારીઓ અને વિવિધ વિભાગોની ટીમો કડક પોલીસ સુરક્ષાની મદદથી સ્થળ પર પહોંચી અને કાર્ય હાથ ધર્યું.

Volume : 11 Issue : 224 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002